# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2563 ❖ કાર્તિક પૂર્ણિમા ❖ 12 નવેમ્બર 2019 ❖ વર્ષ – 19 ❖ અંક – 08 ❖ સળંગ અંક - 236


## ધમ્મવાણી

न वाक्करणमत्तेन वण्णपोक्खरताय वा ।
साधुरुपो नरो होति इस्सुकी मच्छरी सठो ।।
यस्स चेतं समुच्छिन्नं मूलधच्चं समूहतं ।
सवन्तदोसो मेघावी साधुरुपो ति वुच्चति ।।

ફક્ત સારો વક્તા હોવાથી કે સુંદર રૂપવાન હોવાથી જ કોઇ સાધુરૂપ નથી બની જતું, જો તે ઈર્ષ્યાળુ, મત્સરી અને શઠ હોય. જે વ્યક્તિમાંથી આ તમામ દોષ જડ–મૂળથી નકળી ગયા હોય, જે દોષરહિત હોય, જે મેધાવી હોય, તે જ સાધુ–રૂપ કહેવાય.

-ધમ્મપદ

## મહાલી લિચ્છવી

કોહલનો રાજકુમાર પ્રસેનજિત, કુશીનારાના મલ્લોનો રાજકુમાર બંધુલ અને વૈશાલીના ગણતંત્રનો રાજકુમાર મહાલી, ત્રણેય તક્ષશિલા વિશ્વવિદ્યાલયમાં સહાધ્યાયી હતા. સ્નાતક બનીને પ્રસેનજિત કોશલનો રાજા બન્યો. બંધુલ કોશલનો સેનાપતિ બન્યો અને મહાલી વૈશાલી ગણતંત્રના રાજકુમારો, સેનાપતિઓ અને સૈનિકોનો ધનુર્વિદ્યા–શિક્ષક બન્યો.

પ્રસેનજિત અને બિંબિસાર એકબીજાના સાળા હતા અને બનેવી પણ. પ્રસેનજિતની બહેન કોશલદેવીને બિંબિસાર સાથે પરણાવી હતી અને બિંબિસારની બહેન પ્રસેનજિતને. આ ઘનિષ્ટ પારિવારિક સંબંધના લીધે બંનેને ગાઢ મિત્રતા હતી. આ મૈત્રીના કારણે પ્રસેનજિતનો સહાધ્યાયી અને મિત્ર મહાલી બિંબિસારનો પણ મિત્ર બન્યો.

લિચ્છવી ગણતંત્ર મગધનો પડોશી દેશ હતો. બંને વચ્ચે પરસ્પર મનદુઃખ થવાના અનેક કારણો હતાં. એક તો એ કે ગણતંત્રના નિવાસી રાજતંત્રના નિવાસીઓ કરતાં ઘણાં વધુ સુખી અને સુરક્ષિત રહેતા હતા. શાસનતંત્રમાં કે કોઇ શાસનાધિકારીમાં કંઇ દોષ હોય તો એક લિચ્છવી નાગરિક બધી રીતે નીડર થઇ તેની ફરિયાદ કોઇ ઉચ્ચ–અધિકારીને કરી શકતો હતો. સુધારો ન થાય તો તેની સંથાગાર (સંસદ) માં ચર્ચા થઇ શકતી હતી. પરંતુ રાજતંત્રમાં આવું થઇ શકતું નહોતું. આ ઉપરાંત લિચ્છવી ગણતંત્રની એક મોટી વિશેષતા એ પણ હતી કે ત્યાંની ન્યાયપાલિકા બહુ જ સ્વચ્છ, નિષ્પક્ષ, પારદર્શી, નિર્ભય તથા ઇમાનદાર હતી. અપરાધીની શંકાથી કોઇ વ્યક્તિને પકડવામાં આવે તો જ્યાં સુધી અપરાધ સાબિત ન થઇ જાય ત્યાં સુધી તેને સજા આપી શકાતી નહોતી. જો સજા આપવા લાયક હોય તો પણ મામલો વિનિશ્ચય મહામાત્યની પાસે મોકલવામાં આવતો હતો, જે પોતાના તરફથી સ્વતંત્ર તપાસ કરતા અથવા કરાવતા હતા. તેને સાચું લાગે તો મામલો વોહારિક (વ્યાવહારિક) ના કાર્યાલયમાં જતો હતો. રાજ્યની દંડ–સંહિતાનો તે જાણકાર રહેતો અને તે એ નિર્ણય કરતો હતો કે આવા અપરાધ માટે શું દંડ આપવો જોઇએ. અપરાધી તેના નિર્ણયથી સંતુષ્ટ ન હોય તો મામલો સુત્તધર (સૂત્રધર) ની પાસે જતો હતો કે જે કાયદાનો વિશિષ્ટ મર્મજ્ઞ હતો. અપરાધી તેની સામે અપીલ કરી શકતો હતો. તેની ઉપર પણ અપીલ કરવી હોય તો અત્થકુલક સમિતિની પાસે જતો હતો, જેના સભ્યો વ્યવહારનાં બધાં પાસાંઓના અનુભવી હતા, જેવી રીતે આજકાલ જ્યુરી હોય છે. તેના નિર્ણયની પણ અપીલ સેનાપતિને કરી શકાતી હતી, કે જે સેનાનો જ નહીં પણ ન્યાયપાલિકાનો પણ સર્વોચ્ચ અધિકારી રહેતો હતો. તેનાથી પણ ઉપર અપીલ કરવી હોય તો ઉપરાજાને અને પછી રાજાને કરી શકાતી હતી. સંથાગાર (સંસદ) ના બધા સભ્યો રાજા કહેવાતા હતા. એટલે કે પોતાના ક્ષેત્રના સંસદસભ્યને અપીલ થઇ શકતી હતી. અને પછી આવશ્યકતા લાગે તો સંસદને પણ આટલી ઊંડી અને સૂક્ષ્મ તપાસ થવાને કારણે ન્યાયમાં ગોલમાલ થવાનો અવકાશ ખૂબ ઓછો રહેતો હતો. જ્યારે રાજતંત્રમાં આ બધું નહોતું થઇ શકતું. ત્યાં તો નિરંકુશ મનફાવે તેમ જ ચાલતું હતું. એટલે સામાન્ય જનતા જનતંત્રના રાજ્યમાં પોતાને વધારે સુખી અને સુરક્ષિત અનુભવતી હતી. રાજતંત્રને હંમેશાં એ વાતનો ભય રહેતો હતો કે ક્યાંક તેની પ્રજા ગણતંત્ર સ્થાપિત કરવા માટે બળવો ન કરી દે. અને જ્યારે ગણતંત્ર પડોશમાં જ હોય તો એ ખતરો ઘણો વધી જાય છે. આના કારણે પણ મનદુઃખ હોવું સ્વાભાવિક હતું.

મનદુઃખનું એક બીજું પણ મોટું કારણ હતું. ગંગા નદીના કિનારાનો તે ભાગ, જ્યાં આગળ જઇને બિંબિસારના પુત્ર અજાતશત્રુએ પાટલીપુત્ર (પટના) નગર વસાવ્યું હતું. તેની કિનારાની ભૂમિ વિવાદાસ્પદ હતી. તેના ઉપર લિચ્છવીઓ તથા માગધીઓનો સહિયારો અધિકાર હતો. તે કિનારા પર વ્યાપારી માલ–સામાનથી ભરેલી મોટી મોટી હોડીઓ લાંગરતી હતી. વેચાણ માટે આવેલ ઘણો બધો માલ અહીં ઊતરતો હતો અને અહીંનું ઉત્પાદન બીજે લઇ જવા માટે અહીંથી તે નૌકાઓ પર ચઢાવવામાં આવતો હતો. માલસામાનની આવનજાવન પર સરકાર તરફથી કર લાગતો હતો. અહીં આવતી નૌકાઓ ઘડા ભરી ભરીને સુગંધિત દ્રવ્યો પણ લાવતી હતી. તે થોડું અહીં વેચાતું હતું, થોડું આગળ વેચાતું હતું અને થોડું પૂર્વમાં તામ્રલિપ્તિ બંદરેથી સમુદ્રમાર્ગ દ્વારા વિદેશોમાં જઇને વેચાતું

હતું, ત્યાં તેના બહુ ઊંચા ભાવ મળતા હતા. આવા કીમતી સામાન પર કર બહુ વધારે હતો. ત્યાં પ્રથા એવી હતી કે જે કોઇ સામાન પર લિચ્છવીઓ કર લઇ લે તો તેના પર માગધી બીજી વાર કર ન લઇ શકે. અને માગધીઓ કર લઇ લે તો લિચ્છવીઓ બીજી વાર કર ન લઇ શકે. લિચ્છવી ગણતંત્રના અધિકારીઓ અધિક ચુસ્ત અને ચબરાક હતા. તે ખૂબ જ વહેલી સવારે કિનારા પર આવી જતા. મગધના અધિકારીઓ આળસુ હોવાને કારણે મોડા પહોંચતા. આથી ઘણા બધા માલ ઉપર લિચ્છવીઓને કર મળી જતો, માગધી હાથ ઘસતા રહી જતા હતા. આ પણ બંનેના દ્વેષ-દૌર્મનસ્યનું એક બહુ મોટું કારણ હતું.

બિંબિસારની માગધી સેના બહુ વિશાળ હતી. બિંબિસાર પોતે પણ અત્યંત રણકુશળ યોદ્ધો હતો. આથી સૈનિક બિંબિસાર કહેવાતો હતો. તેણે પોતાના રાજ્યશાસનમાં અંગરાજ સાથે યુદ્ધ કરીને તે રાજ્યને પોતાના હસ્તક કરી લીધું હતું. આ ઉપરાંત તેણે બીજા કોઇ રાજ્ય પર આક્રમણ નહોતું કર્યું. બીજા દેશો સાથે હંમેશા મૈત્રીસંબંધ બાંધી રાખવાની જ તેની કુશળ નીતિ હતી. તેના પુત્ર અજાતશત્રુએ લિચ્છવીઓ સાથે યુદ્ધ કરીને તેમને જીતી લીધા હતા, પણ બિંબિસારે તેમની સાથે ક્યારેય યુદ્ધ કર્યું નહોતું. તેનું એક કારણ એ પણ હોઇ શકે કે લિચ્છવીઓની સેનાનો આચાર્ય મહાલી તેનો મિત્ર હતો. તે સમય-સમય પર રાજગૃહી આવી તેની સાથે પોતાનો સ્નેહસંબંધ જાળવી રાખતો હતો.

બોધિ પ્રાપ્ત કર્યા બાદ વારાણસીમાં ધર્મચક્રપ્રવર્તન કરીને, ગયા થઇને જ્યારે ભગવાન બુદ્ધ પહેલી વાર રાજગૃહી આવ્યા અને બિંબિસારને તેની સૂચના મળી, ત્યારે તે પોતાના મિત્રો, રાજ્યાધિકારીઓ તથા નગરના પ્રમુખ નાગરિકોની સાથે ભગવાનના આવકાર માટે લટ્ઠિવનના સુપ્રતિષ્ઠિત ચૈત્ય પર ગયો, જ્યાં ભગવાન રોકાયા હતા. તે સમયે બિંબિસારનો મિત્ર ધનુર્વિદ્યાચાર્ય લિચ્છવી મહાલી પણ રાજગૃહી આવ્યો હતો. આથી તે બધા લોકો સાથે તે પણ ભગવાનના સ્વાગત માટે ગયો. ત્યાં ભગવાનનો ઉપદેશ સાંભળી મહાલીને પણ જે આંતરિક અનુભૂતિ થઇ તેનાથી તે સ્રોતાપન્નલાભી થયો. જે પ્રાપ્ત કરી તે ધન્ય થઇ ગયો હતો. અને ભગવાન બુદ્ધનો પરમ શ્રદ્ધાળુ ઉપાસક બની ગયો હતો. તેમજ આ અણમોલ ઉપલબ્ધિ માટે પોતાના મિત્ર બિંબિસારનો કાયમી ઋણી પણ.

આ ઘટના બાદ તરત જ એવી સ્થિતિ પેદા થઇ કે આખા વજ્જિપ્રદેશમાં ભીષણ દુષ્કાળ પડયો. અગાઉના વર્ષે પણ દુષ્કાળ પડયો હતો. જોકે આ વર્ષે વરસાદ થઇ જવાની મોટી આશા હતી. પરંતુ બીજા વર્ષે પણ દુષ્કાળ પડવાથી ભયંકર તબાહી થઇ. ભૂખથી પીડિત ગામ, નગર બધી જગ્યાએ હાહાકાર મચી ગયો. ચારાના અભાવે બહુ મોટી સંખ્યામાં પશુધન નષ્ટ થયું. અનેક મનુષ્યો પણ ભૂખથી પીડાઇને તડપી-તડપીને મરવા લાગ્યા. અકાળની સાથે સાથે અનેક પ્રકારની ભયંકર બીમારીઓ પણ ફેલાઇ ગઇ. આ કારણે લોકોની સમસ્યા ખૂબ વધી ગઇ, પણ કોઇ ઉપાય ન હતો. કોઇ દવા ન હતી. સમૃદ્ધિની વિશાળતાથી ભરેલ પ્રસિદ્ધ રાજનગરી વૈશાલીની પણ ખરાબ હાલત હતી. અનેક નાગરિકો વૈશાલી છોડીને પાડોશી પ્રદેશોમાં શરણ લેવા માટે ભાગી ગયા હતા. મહોલ્લે મહોલ્લા સુમસામ થઇ ગયા હતા. નગરની શેરીઓ જ નહીં, બધા જનપથ, વાણિજ્યપથ, રાજપથ કે જે હંમેશા લોકોની ભીડવાળા રહેતા હતા, તે બધા જનશૂન્ય થઇ ગયા હતા. ઠેર-ઠેર પશુઓના શબ પડયાં સડતાં હતાં. ક્યાંક-ક્યાંક બિનવારસી મનુષ્યોના એકાદ-બે શબ પડયાં પડ્યાં સડી રહ્યાં હતાં. ગીધ, સમડી અને કાગડા તેને ચૂંથી રહ્યાં હતાં. કોઇ તેને ઉઠાવવાવાળું પણ ન હતું. આખું નગર દુર્ગંધથી પ્રદૂષિત અને દૂષિત થઇ ગયું હતું. જે થોડાં ઘણાં લોકો નગરમાં બચ્યાં હતાં તેમને પોતાના જીવના ફાંફા પડતાં હતાં. નગરની સફાઇની તરફ કોણ ધ્યાન આપે ? દુર્ગંધભર્યા પ્રદૂષણથી જેનો તાલમેલ બેસે છે તેવા પ્રેતપ્રાણી પણ ત્યાં ખેંચાઇ ચાલ્યાં આવ્યાં. દુકાળ અને મહામારીની સાથે સાથે આ પૈશાચિક પ્રાણીઓના ઉપદ્રવથી નાગરિકો અત્યંત ભયભીત હતા, સંતાપિત હતા, ત્રસ્ત હતા અને અસહાય હતા. લોકો ઉપર જાણે દુઃખોનો પહાડ તૂટી પડયો હતો અને ક્યાંય કોઇ સહાયક પણ દેખાતો નહોતો. સંથાગારમાં સંસદની બેઠક થતી હતી, પણ કોઇને આ ભયંકર સમસ્યાનો કોઇ ઉકેલ સૂઝતો ન હતો. ઘણા પ્રજાજનો સાંસદ રાજાઓ પર દોષારોપણ કરતા હતા. કહેતા હતા કે તેમના કોઇ દોષને કારણે પ્રજા આટલી હેરાન થાય છે. સાંસદ દરેક પ્રકારનું પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર હતા. ક્યાંક અણજાણતાં કોઇક ભૂલ થઇ હોય તો તેનું પ્રક્ષાલન થાય. આ બાબતે તેઓ બધાના સૂચનોનો સ્વીકાર કરતા હતા. ક્યારેક કોઇ ચૈત્ય કે દેવતાને બલિ ચઢાવી પ્રસન્ન કરવાની ભલામણ કરતા તો ક્યારેક કોઇ અમુક કર્મકાંડ પૂરો કરવાની અથવા કોઇ પૂજારીને બોલાવીને તેના દ્વારા પૂજાપાઠ કરવાની અથવા કોઇ નિરામિષ હોમ કે સમિષ યજ્ઞ કરવાની ભલામણ કરતા હતા. એક-એક કરીને બધાના સૂચનોનો અમલ કરીને પણ કોઇ લાભ ન થયો. અનેક સાધુ-સંત અને મોટા નામી-ગિરામી મહંત-મહાત્મા પણ આ દુરાવસ્થામાં કંઇ જ ન કરી શક્યા.

આ સમયે આચાર્ય મહાલીને ભગવાન બુદ્ધની યાદ આવી. તેમના સાંનિધ્યમાં તેને કેટલી અપૂર્વ શીતળ શાંતિની અનુભૂતિ થઇ હતી! જો તેઓ વૈશાલી પધારે તો તેમના વિમલ વિમુક્ત ચિત્તમાંથી નીકળેલાં કરુણાનાં કિરણો વૈશાલીનાં સંતપ્ત લોકોને જરૂર માનસિક શાંતિ આપશે. આ વિચારીને તેણે સંસદને ભલામણ કરી કે રાજ્ય તરફથી ભગવાન બુદ્ધને વૈશાલી પધારવા માટે આમંત્રણ આપવામાં આવે. સંસદની સ્વીકૃતિ મળી. મહાલીએ રાજગૃહી જવાનો નિશ્ચય કર્યો.

મહાલી પ્રસિદ્ધ ધનુર્વિદ્યાચાર્ય હતો. તક્ષશિલાનો સ્નાતક હતો. વૈશાલીના ધનુર્ધારી સૈનિકોને ધનુર્વિદ્યાનું શિક્ષણ આપતો હતો. અચૂક નિશાન લગાવવા માટે આંખોનો પ્રમુખ પ્રયોગ થાય છે. તેનો અધિક પ્રયોગ કરતાં કરતાં મહાલીએ પોતાની બંને આંખો ગુમાવી હતી. પરંતુ છતાં પણ તે આ વિદ્યાનાં અનેક રહસ્યો જાણતો હતો. જેથી આંખ ગુમાવ્યા બાદ પણ તે લિચ્છવીઓને શીખવતો હતો. તેઓ પણ તેનો બહુ જ ઉપકાર માનતા હતા અને તેને બહુ જ સન્માન આપતા હતા. તેના માટે વૈશાલી નગરના પશ્ચિમી દરવાજા પાસે બધી

જ સુખ સુવિધાઓથી પરિપૂર્ણ એક નિવાસસ્થાન બનાવી આપ્યું હતું. અહીંથી જ વૈશાલીથી શ્રાવસ્તી સુધીનો મહામાર્ગ જતો હતો. તે દરવાજેથી જે કોઇ આવતા-જતા, તેમના પર એક નાનો કર લેવાની છૂટ તેને આપી દીધી હતી. તે નાના કરથી તેને સારી કમાણી થઇ જતી હતી. આંધળો હતો એટલે જ્યાં ક્યાંય પણ જવા-આવવાનું થતું, પોતાની સાથે કોઇ એક સહાયકને લઇ જતો હતો. હવે તેને રાજગૃહી જવું હતું અને ગણતંત્ર વતી જવું હતું. આથી તેણે રાજપુરોહિતના પુત્રને પોતાની સાથે લઇ લીધો.

તે એક પ્રમુખ રાજપુરુષ હતો. એટલે રાજકીય રીતિ-રિવાજોને એકદમ જાણતો હતો. તેણે સીધા ભગવાન પાસે જઇને તેમને નિમંત્રણ આવાનું ઉચિત ન માન્યું. જોકે તે જાણતો હતો કે ભગવાનને ક્યાંય પણ આવવા-જવા માટે મગધરાજની અનુમતિ લેવાની આવશ્યકતા નથી. છતાં પણ તે મગધરાજનું સન્માન વધારવા માટે તેની પાસે ગયો. લિચ્છવીઓએ જે ભેટ મોકલી હતી, તેને પુરોહિતના પુત્રે બિંબિસારને અર્પણ કરી. તરત જ મહાલીએ પોતાના આવવાનો હેતુ પ્રગટ કર્યો. તેણે મગધરાજને વૈશાલીની વર્તમાન દુઃખાવસ્થાની વાત કરી અને કહ્યું કે તે ભગવાન બુદ્ધને આમંત્રણ આપવા આવ્યો છે. મગધરાજે સહાનુભૂતિ પ્રગટ કરતાં કહ્યું કે ભગવાન બુદ્ધ પાસે સ્વયં જઇને તેઓને પ્રાર્થના કરે. ભગવાન મહાકારુણિક છે. પ્રાર્થનાનો અવશ્ય સ્વીકાર કરશે. તેને માટે મારી પાસે આવવાની આવશ્યકતા ન હતી. તમારે ત્યાં જઇને તેમને મળવું જોઇએ.

મહાલીને તો ઔપચારિકતા પૂરી કરવી હતી. બિંબિસારને ધન્યવાદ આપી તે પુરોહિતપુત્રની સાથે ભગવાન બુદ્ધની પાસે ગયો. ત્યાં તેણે વૈશાલીની વર્તમાન દુઃખદ સ્થિતિનું વર્ણન કર્યું અને ભગવાનને પ્રાર્થના કરી કે ભલે થોડા દિવસો માટે પણ, તેઓ એક વખત વૈશાલી અવશ્ય પધારે. તેનાથી લોકોને સાંત્વના મળશે, શાંતિ મળશે. ભગવાને મૌન રહીને સ્વીકૃતિ આપી.

મહાલી પ્રસન્ન થયો. તેણે આ શુભ સંદેશો વૈશાલી પહોંચાડયો અને તેની જાણકારી બિંબિસારને આપવા સ્વયં તેની પાસે ગયો. બિંબિસાર પણ અત્યંત પ્રસન્ન થયો. પરંતુ તેના મનમાં એક ચિંતા જાગી. ગરમીના દિવસો છે. રાજગૃહીથી ગંગાતટનો માર્ગ પાંચ યોજન લાંબો છે. ભગવાનને આ યાત્રામાં કોઇ કષ્ટ ન પડે, તેનો તેણે પૂરેપૂરો પ્રબંધ કરાવ્યો. ભગવાન બે દિવસ બાદ પ્રસ્થાન કરવાના છે, આથી કેટલાય મજૂર લગાવી આખો માર્ગ સાફ કરાવ્યો. તેના પર પડેલા કાંકરા-પથ્થર હટાવ્યા. જ્યાં જ્યાં આવશ્યકતા હતી, ત્યાં ત્યાં રેતી પથરાવી દીધી. એક-એક યોજનની વચ્ચે વિશ્રામ કરવા માટે મંડપ બાંધી દીધા. ફૂલઝાડ અને આંબાના તોરણ બંધાવ્યા. શીતલ જળથી ભરેલા ઘડા રખાવ્યા.

ભગવાન બુદ્ધની સાથે તે સ્વયં ગંગાતટ સુધી ગયો. ત્યાં તેણે બે મોટી નૌકાઓને જોડીને તેમની સુખદ યાત્રાનો પ્રબંધ કરી રાખ્યો હતો. ભગવાન સહિત તેમના પાંચસો ભિક્ષુઓને તે યુગ્મ નૌકાઓમાં બનેલા મંચ પર બેસાડીને પોતે ગંગાનદીમાં ઊતર્યા. અને ગળાડૂબ પાણીમાં જઇને હાથ જોડીને ભગવાનને વિદાય આપતા બોલ્યો - ભગવાન, તમે જલ્દી પાછા આવી જજો. ત્યાં સુધી હું તટ પર રહીને આપની પ્રતીક્ષા કરતો રહીશ.

તે દિવસોમાં કોઇ મહત્ત્વપૂર્ણ મહેમાનનું નદીતટ પર સ્વાગત કરવાનું હોય તો પણ અને તેને વિદાય આપવાની હોય તો પણ ગળાડૂબ પાણીમાં ઊતરીને તેને સન્માનપૂર્વક આવકારતા અને વિદાય પણ આપતા હતા. મહારાજ બિંબિસારે તે કર્યું. આ યાત્રામાં ભગવાનને જરા પણ કષ્ટ ન થાય, તેનું પૂરેપૂરું ધ્યાન રાખ્યું. ભગવાન પ્રત્યે તેના મનમાં અસીમ આદરભાવ હતો.

કાશી, મગધ અને અંગદેશનો એકછત્રી શક્તિશાળી સમ્રાટ હતો છતાં પણ જેમની પાસેથી તેને ધર્મરત્ન મળ્યું હતું તે ભગવાન બુદ્ધ પ્રત્યે તે અત્યંત વિનમ્રભાવથી નમી ગયો હતો. તેનો બધો જ અહમ્ ઓગળી ગયો હતો. ધર્મ પ્રત્યે અને ધર્મરાજા ભગવાન બુદ્ધ પ્રત્યે તેના મનમાં અમિટ કલ્યાણી શ્રદ્ધા જાગી હતી. આ અસીમ શ્રદ્ધા તેના માટે અત્યંત મંગલ ફળદાયિની હતી.

**- ક્રમશઃ ...**

**-કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**
**-''ધારણ કરે તો ધર્મ'' પુસ્તકમાંથી સાભાર**

## વિપશ્યના ગુજરાતી પત્રિકા હવે e - સ્વરૂપમાં

**અગાઉ જણાવ્યા અનુસાર હવે જુલાઇ, ૨૦૨૦ થી વિપશ્યના ગુજરાતી પત્રિકાનું કાગળ પર મુદ્રણ બંધ કરવામાં આવશે. હાર્ડ કોપીના બદલે તે કેવળ સોફ્ટ કોપીના માધ્યમથી પ્રકાશિત કરાશે.**

**નવેમ્બર ૨૦૧૯ થી જૂન ૨૦૨૦ સુધી પત્રિકા બંને સ્વરૂપે ઉપલબ્ધ કરાશે. આપ બને તેટલું જલદી આપનું મેઇલ આઇડી અથવા વોટ્સએપ નંબર વિપશ્યના કાર્યાલયને મો. ૭૮૭૮૭ ૨૭૨૨૩ પર પહોંચાડશો, જેથી આપને પત્રિકા કોઇ વિક્ષેપ વિના લગાતાર મળતી રહે.**

## ધમ્મકોટ નવા કેન્દ્રનું નિર્માણ

**આપ સહુને વિદિત છે તેમ, રંગપર ગામ ખાતે ધમ્મકોટ નવાકેન્દ્રનું નિર્માણ ચાલે છે. તેને માટે ધમ્મહોલ, શૂન્યાગાર, સાધક આવાસ, આચાર્ય-નિવાસ, કાર્યાલય, વ. બાંધકામની આવશ્યકતા વિષયક વિસ્તૃત માહિતીગતાંકમાં આપવામાં આવી હતી. ઉકત નિર્માણ માટે આપ આર્થિક યોગદાન આપી પુણ્યપારમીનો લાભ ઉઠાવી શકો છો.**

**વિપશ્યના ધ્યાનનું પ્રથમ ચરણ ''આનાપાન ધ્યાન'' શીખવા માટે તેમ જ વિપશ્યના વિશે વિશેષ માહિતી મેળવવા માટે**
**JOIN OUR WHATSAPP BROADCAST**
TYPE ADD ME "Your Name, Area" and Send whatsapp it on **94262 02222**

વિપશ્યના પરિચય તેમ જ સૌરાષ્ટ્રના કેન્દ્રોની માહિતી માટે ગૂગલ પ્લે સ્ટોર પર
ANDROID APP ON Google play **''એન્ડ્રોઇડ એપ્લીકેશન''** ઉપલબ્ધ છે. **VIPASSANA DHAMMAKOT**

# ગુજરાતના વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૯-૨૦ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઇનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭ સંપર્ક ::
Ph.: 0281-2233666, M : 78 78 72 72 23, M : 78 78 72 72 40, M : 93279 23540, E-mail : dhammakot@gmail.com

04-12 to 15-12-19
18-12 to 29-12-19
01-01 to 12-01-20
15-01 to 26-01-20
29-01 to 09-02-20
12-02 to 23-02-20

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
17-01 to 25-01-20
03-09 to 11-09-20

**3 DAYS**
27-02 to 01-03-20

**1 DAY**
26-01-2020
23-02-2020

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.-૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 99090 38250, Mo : 95865 82660, 94281 60714, 98250 44536. E-mail : info@ambika.dhamma.org

03-12 to 14-12-19
06-02 to 16-02-20
19-02 to 01-03-20

**ફક્ત જૂના સાધકો માટે**

**3 DAYS**
05-03 to 08-03-20
09-04 to 12-04-20

**20 DAYS**
17-12 to 07-01-20

**30 DAYS**
17-12 to 17-01-20

**45 DAYS**
17-12 to 01-02-20

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :** C/o. યુનિક આર્કિટેક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫ **સંપર્ક :**
Ph.: 02834-223575, M : 99745 75660, E-mail : info@sindhu.dhamma.org

11-12 to 22-12-19
19-02 to 01-03-20

**ફક્ત જૂના સાધકો માટે**

**3 DAYS**
22-12 to 25-12-19

**20 DAYS**
04-03 to 25-03-20

**30 DAYS**
04-03 to 04-04-20

**45 DAYS**
01-01 to 16-02-20

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ **સંપર્ક :**
Ph.: 02714-294690, M : 94264 19397, E-mail : info@pitha.dhamma.org

04-12 to 15-12-19
25-12 to 05-01-20
08-01 to 19-01-20
22-01 to 02-02-20
05-02 to 16-02-20
19-02 to 01-03-20
04-03 to 15-03-20

**ફક્ત જૂના સાધકો માટે**

**3 DAYS**
30-04 to 03-05-20

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક : Ph.: 02697- 245460, 245302 M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. **સંપર્ક :**
Ph.: 02762-272800, 254634, 252345 M : 94292 33000. E-mail : info@divakara.dhamma.org

04-12 to 15-12-19
18-12 to 29-12-19
01-01 to 12-01-20

**ફક્ત યુવતીઓ માટે**

**STP**
14-03 to 22-03-20

**10-DAY SPL.**
12-03 to 23-03-20

**2-DAYS**
02-07 to 04-07-20

**3-DAYS**
05-11 to 08-11-20

**20 DAYS**
22-07 to 12-08-20

**30 DAYS**
22-07 to 22-08-20

## ધમ્મપાલિ

ગામ: ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર. **સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636, M : 97149 11913, M : 97149 10913
**સિટી ઓફિસ :** Ph. 0278 - 2521066, M : 88 66 71 3636, E-mail : dhammapali15@gmail.com

04-12 to 15-12
18-12 to 29-12
01-01 to 12-01-20
22-01 to 02-02
12-02 to 23-02
04-03 to 15-03

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
13-06 to 21-6-20

**1 DAYS**
01-12-2019
05-01-2020
02-02-2020
01-03-2020

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઇઝ ફોટો અને ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

અવસર આયા ધરમ કા, મત પ્રમાદ મેં ખોય ।
અબ શ્રદ્ધા શ્રમ લગન સે, સતત ધ્યાન–રત હોય ॥

મેરા વાદ અકાટ્ય હૈ, મત મિથ્યા યૂં માન ।
મત વિવાદ મેં ઉલઝ રે, સ્વયં સત્ય પહચાન ॥

મુખ્ય બાત અભિમાન–તજ, બનેં વિનમ્ર વિનીત ।
અહંકાર અબ તક રહે, હોય ન ચિત્ત પુનીત ॥

## દોહા ધરમના

કર લેં દૂર કષાય સબ, યહી જનમ કા ધ્યેય ।
દુર્લભ જીવન મનુજ કા, સાધેં અનુપમ શ્રેય ॥

મન કે મૈલ ઉતાર લે, જો ચાહે સુખ ચૈન ।
મૈલે મન દુઃખિયા રહે, બૌદ્ધ હોય યા જૈન ॥

પ્રજ્ઞા–જલ સે રગડ કર, મન કે મૈલ ઉતાર ।
અન્તર્મલ છૂટે બિના, થોથે સભી સુધાર ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ-૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઇસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઇન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 12 નવેમ્બર 2019** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013. Postal Reg. No. RAJKOT/450/2018-20**
**(Renewed upto 31.12.2020)**
**Weighs less than 30 gms**
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
ભાભા ડાઇનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org